**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૮.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૫ ટકા

# એસ.જી. રોડ પર વધુ એક બસ ખોટકાઈ..!!

## એક જ અઠવાડિયામાં બે વાર બસો ખોટકાતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતો ત્રાહિમામ : એસ.ટી. તંત્રની દુર્લક્ષતાને પગલે ખાનગી શટલિયા વાહનોને બખ્ખેબખ્ખાં...!!



ગાંધીનગર, તા.૪

ગાંધીનગરથી અમદાવાદના એસ.જી. હાઈવે પરના સરખેજરૂટની બસો વારંવાર ખોટકાવાને કારણે આ રૂટ પર અપડાઉન કરતા અસંખ્ય મુસાફરો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ મુસાફરોમાં અનેક વિદ્યાર્થીઓને મહત્વનો શૈક્ષણિક અભ્યાસ કે પરીક્ષા ચુકી જવાની, નોકરિયાતોને ઓફિસે લેટ પડવાથી ઠપકો સાંભળવાની કે વ્યવસાયિકોને અગત્યના કામો ખોરંભે ચઢવાની સમસ્યાનો સામનો કરવો પડે છે. આમ છતાં સતત ખોટકાતી શહેરી સેવાની બસો અંગે એસ.ટી. તંત્રની નિંદ્રા ઉડતી નથી જેના કારણે ખાનગી શટલિયા વાહનોને બખ્ખાં પડી જવા પામ્યા છે.

દરરોજ સવારે ગાંધીનગરથી અમદાવાદ તરફ હજ્જારો મુસાફરો અપડાઉન કરે છે. છેલ્લા એક સપ્તાહમાં બે વાર સરખેજ રૂટની બસો પીકઅપ અવર્સ દરમિયાન જ રસ્તામાં ખોટકાવાની સમસ્યા સર્જાઈ છે. આજે સરખેજ રૂટની એક બસ ૯ વાગ્યાના સુમારે તારાપુર નજીક ખોટકાઈ હતી જયારે ગત તા. ૨૮મી ડિસેમ્બરે પણ આજ રૂટની બસ રસ્તામાં ખોરજ બ્રિજ પાસે ખોટકાઈ હતી. આજે ખોટકાયેલી બસ પોલિટેકનિક રૂટની હોવાને કારણે અસંખ્ય વિદ્યાર્થીઓને પણ ભારે હાલાકી ભોગવવી પડી હતી તથા ખાનગી વાહનોના મોંઘા ભાડા ખર્ચીને મુસાફરી કરવાનો વારો આવ્યો હતો. વારંવાર ખોટકાતી બસો અંગે વિદ્યાર્થીઓએ અનેકવાર એસ.ટી. ડેપોમાં મૌખિક રજૂઆત કરી હોવા છતાં એસ.ટી. તંત્રના બહેરા કાને અથડાઈ પાછી ફરતા વિદ્યાર્થીઓમાં નિરાશા વ્યાપી છે.

## @ગાંધીનગર

● વિશ્વગ્રામ-શિવરંજની-સર્વ વિદ્યાલય પ્રેરિત સ્નેહ સંગીત સંવાદ રાત્રે ૮.૩૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન સેમિનાર હોલ, બીજે માળ, મિકેનિકલ વર્કશોપ બિલ્ડીંગ, એડીઆરપી કેમ્પસ, સે-૧૫, ખ-૫ સર્કલ પાસે-ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કશ્મીરી સૂફી ગાયક શ્રી ગુલઝાર અહેમદ ગનાઈ સાથે અનોખો સ્નેહ સંગીત સંવાદ યોજાશે.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કક્ષાની નેશનલ ઈલેકશન કવીઝ સ્પર્ધા-૨૦૧૭ યોજાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરી અને જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરીના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા કક્ષાની નેશનલ ઈલેકશન કવીઝ સ્પર્ધા- ૨૦૧૭નું આયોજન જે.એમ.ચૌધરી કન્યા વિદ્યાલય, સેકટર-૭ ખાતે કરવામાં આવ્યું હતું.



નેશનલ ઈલેકશન કવીઝ સ્પર્ધાને ગાંધીનગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી સતીશ પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ કવીઝ સ્પર્ધામાં ૩૦૦ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં દેહગામ તાલુકાના કનીપૂર ગામની શ્રી કે.આર. વકીલ વિદ્યાલયની વિદ્યાર્થીની જયોત્સના બુધાજી વાઘેલા પ્રથમ ક્રમે, ગાંધીનગરના સેકટર- ૨૬માં આવેલી જય પ્રકાશ વિદ્યાલયના વિશાળ ઝવેરભાઈ રબારી દ્વિતીય ક્રમે અને જે.એમ.ચૌધરી વિદ્યાલયની ક્રિશા મહેન્દ્રભાઈ ચૌધરી તૃતીય ક્રમે વિજેતા રહ્યાં હતાં.

આ કવીઝ સ્પર્ધાના આરંભ પ્રસંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બારડ, અખિલ આંજણા કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી શંકરભાઈ ચૌધરી અને શાળાના કેમ્પસ ડાયરેકટર શ્રી યશવંત ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

## યુવાનોને ડ્રગ્સના દુરૂપયોગ અને અંગદાનના મહત્વ અંગે જાગૃત કરાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપ તથા રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા બે નવા સમાજોપયોગી પ્રોજેકટસ હાથ ધરવામાં આવ્યા છે. યુવાનોમાં ડ્રગ્સના દુરૂપયોગ અંગે જાગૃતિ ફેલાવવાનો તથા અંગદાનના મહત્વ અંગે સભાન કરવા સહિતના આ બે પ્રોજેકટસનો આજે સે-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો.

સમાજમાં ફેલાઈ રહેલી ડ્રગ્સની બદી ખાસ કરીને યુવા પેઢીને ખોખલી બનાવી રહી છે. આ ઉપરાંત આજના યુગમાં તબીબી ક્ષેત્રે અંગ પ્રત્યારોપણની માંગ દિવસે ને દિવસે વધતી જાય



છે. સમાજની આ બંને સમસ્યાઓ પ્રત્યે ખાસ કરીને યુવાનોમાં જાગૃતિ આણવા કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા પ્રસંશનીય કદમ ઉઠાવવામાં આવ્યું છે. કેએસવીના સર્વ નેતૃત્વ ગૃપ તથા એનએસએસ યુનિટ દ્વારા આ બંને પ્રોજેકટ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં સંસ્થાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા આચાર્યોનો સમાવેશ કરવામાં આવનાર છે. આ પ્રોજેકટસનો નર્સિંગ કોલેજ ખાતે પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વકતા રોનક કડિયા તથા સંકેત પટેલ દ્વારા વિદ્યાર્થીઓને ડ્રગ્સના દુરૂપયોગ અંગે તથા અંગદાન અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા હાથ ધરાયેલા આ બંને પ્રોજેકટસમાં ૨૩૦થી વધુ વિદ્યાર્થીઓને જોડવામાં આવ્યા છે. આ પ્રોજેકટસને કેએસવીના સર્વ નેતૃત્વ ગૃપ અને એનએસએસ યુનિટ ઉપરાંત અમદાવાદના નાર્કોટિકસ નિયંત્રણ બ્યુરો, શતાયુ તથા ગિફટીંગ લાઈફ ફાઉન્ડેશન જેવી સંસ્થાઓના સંયુકત ઉપક્રમે લાગુ પાડવામાં આવનાર છે.

## વાતવાતમાં

● વાવોલમાં ફરી એકવાર લાઈટો ગુલ થવા પામી હતી. શિયાળાની સીઝનમાં મોડી સાંજના સુમારે લાઈટો ગુલ થતા ગ્રામજનો પરેશાનીનો ભોગ બન્યા હતા.

● પ્રજ્ઞા ચક્ષુઓ માટે કલ્યાણકારી એવા લુઈસ બ્રેઈલ જેમના નામ પરથી બ્રેઈલ લીપીનું નામ પડયું છે તેમનો ગુરુવારે જન્મદિન હતો. શહેરના દિવ્યાંગ બાળકોના કોચ જિગ્નેશ રાવલ તથા તેમના સહયોગીઓ દ્વારા સે-૧૨માં કેક કાપીને આ દિવસને ઉજવવામાં આવ્યો હતો.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની કોલેજોની શૈક્ષણિક વિઝીટ યોજાઈ

ગાંધીનગર, તા.૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન અને આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજ તેમજ વકીલ ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન સે-૨૩, ગાંધીનગરની કોલેજોના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ તા. ૨-૧-૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતો આવેલ ઈન્ફલીબનેટ અને ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિ.ની મુલાકાત લીધી હતી.

તાલીમાર્થીઓને આ વિઝીટ દરમિયાન વિવિધ સંશોધનો માટેની શોધગંગા, ઈ.શોધ સિંધુ, વિદ્યા મિત્ર, વેબસાઈટની માહિતી, ઈ-કન્ટેન્ટ, ઈ બુકસ, ડીજીટલ લાયબ્રેરી ઓફ ઈન્ડિયા, કોઈ પણ પ્રકારની રેફરન્સ બુક કેવી રીતે મેળવવી વિગેરે વિશેની માહિતી મનોજ સરે આપી હતી. આ ઉપરાંત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિ.ની મુલાકાત દરમિયાન સાયબર સિકયુરિટી, નેરો એનાલીસીસી, પોલોગ્રાફી, ઈ.ઈ.જી. લેબ, બ્રેઈન ફગ્સનીંગ થીયરી,ન્યુરો ફીડબેક લેબ ઉપરાંત બેલેસ્ટીક ટેસ્ટીંગ લેબ અને સાયબર ડિફેન્સ સેન્ટર વગેરે વિશેની માહિતી મિશ્રા સરે આપી હતી.

## ગાંધીનગર એસ.ઓ.જી.નો કોન્સ્ટેબલ એસીબીના છટકામાં

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસઓજીના એક કોન્સ્ટેબલે ચેક રીટર્ન કેશમાં ઈસ્યુ થયેલા વોરંટ પ્રકરણમાં આરોપીની ધરપકડ નહી કરવા પોતાના મોબાઈલના રીપેરીંગ પેટે રૂ. ૩ હજાર થયા હતા તે રૂપિયા મોબાઈલની દુકાનમાં ચુકવી દેવા કરી લાંચની માંગણી કરી હતી. ગાંધીનગર એસીબીની ટીમે ફરિયાદને આધારે છટકુ ગોઠવી કોન્સ્ટેબલને સે-૨૪ની મોબાઈલની દુકાનમાંથી પકડી પાડયો છે.

મળતી માહિતી મુજબ ચેક રીટર્ન કેશમાં એક આરોપીનું એરેસ્ટ

**ચેક રીટર્નના કેશમાં ઈસ્યુ થયેલા વોરંટમાં આરોપીને નહી પકડવા કોન્સ્ટેબલે પોતાના મોબાઈલ રીપેરીંગનો ખર્ચ લાંચ પેટે માંગ્યો હતો**

વોરંટ નીકળ્યું હતું. આ આરોપીને નહી પકડવા તથા રાહત આપવા માટે ગાંધીનગર એસઓજીના એક કોન્સ્ટેબલ હિંમતસિંહ રતનસિંહ રાઓલ (ચાવડા)એ પોતાનો બગડી ગયેલો મોબાઈલ રીપેરીંગ કરાવી આપી તેનો ખર્ચ આપવા માંગણી કરી લાંચ માંગી હતી. આ મામલે આરોપીના ભાઈએ એસીબીમાં એસઓજીના કોન્સ્ટેબલ સામે ફરિયાદ કરતા આજે ગાંધીનગર એસીબી પી.આઈ. ડી.વી. પ્રસાદની ટીમે છટકુ ગોઠવ્યું હતું. સે-૨૪ ખાતે આવેલી જીઓની મોબાઈલ કેર નામની દુકાનમાં કોન્સ્ટેબલે મોબાઈલ રીપેરીંગ કરાવ્યો અને ત્યાં મોબાઈલ કેરનાં મેનેજરને આરોપીના ભાઈ મારફતે રૂ. ૩ હજાર અપાવ્યા હતા. એસીબીના છટકામાં કોન્સ્ટેબલ હિંમતસિંહ રૂ. ૩ હજારની માંગણી સાથે પકડાઈ ગયો છે. એસીબીની ટીમે તેની ઉંડી પુછપરછ શરુ કરી છે.

## ગાંધીનગર ખાતે આજે રોજગાર ભરતી મેળો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા રોજગાર મેળાનું આયોજન તા. ૦૫/૦૧/૨૦૧૮ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે ટેક મહેન્દ્રા, ચોથો માળ, ટાવર-૪, ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો નોટિફાઈડ થયેલ કસ્ટમર કેર એકઝીક્યુટીવની પોસ્ટ માટે છે. જેમાં ધોરણ-૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. ઉમેદવારોએ ભરતી મેળાના સ્થળ પર ફક્ત બાયોડેટાની ઝેરોક્ષ નકલ સાથે જ આવવા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## આજે કડી સર્વ વિદ્યાલયના સાયન્સ ટેકનોલોજી પ્રદર્શનનો પ્રારંભ થશે

### સે-૧૨માં વિવેકાનંદ વિદ્યાલય ખાતે શિક્ષણમંત્રીના હસ્તે ઉદઘાટન પ્રદર્શનમાં ૧૪૦ લાઈવ પ્રોજેકટ અને ૧૬૦ પોસ્ટર્સ રજુ કરાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કડી સર્વ વિદ્યાલય દ્વારા સેકટર-૧૨માં સ્વામી વિવેકાનંદ વિદ્યાલય કેમ્પસ ખાતે ત્રિદિવસીય 'સાયન્સ એન્ડ ટેકનોલોજી' એકિઝબીશનનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૫ થી તા. ૭ જાન્યુઆરી દરમિયાન યોજાનાર આ પ્રદર્શન દરરોજ સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી ચાલશે. પ્રદર્શનનું ઉદઘાટન તા. ૫મી જાન્યુઆરીએ સવારે ૯ કલાકે ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરાશે.

સાયન્સ એન્ડ ટેકનોલોજી એકિઝબીશનમાં કડી સર્વ વિદ્યાલય સંલગ્ન સંસ્થાઓના કુલ ૧૪૦ લાઈવ પ્રોજેકટસ રજુ કરાશે તથા ૧૬૦ પોસ્ટર્સ પ્રદર્શિત કરાશે. આ પ્રદર્શનમાં કડી કેમ્પસની એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટ, એલડીઆરપી કોલેજ, વીપીએમપી પોલિટેકનિક, કે.બી. ફાર્મસી કોલેજ, સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ અને કોલેજ ઓફ ફિઝિયોથેરેપી તથા કડી ખાતેની શ્રી પ્રમુખ સ્વામી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ અને એચવીએચપી ઈન્સ્ટિટયુટ જોડાશે. પ્રદર્શનના ઉદઘાટન સમારોહમાં ગુજકોસ્ટના ડાયરેકટર ડૉ. નરોત્તમ સાહૂ, કેએસવી યુનિ.ના પ્રેસિડન્ટ વલ્લભભાઈ પટેલ, સર્વ વિદ્યાલય મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા સહિત વિવિધ કોલેજોના આચાર્યો ઉપસ્થિત રહેશે. પ્રદર્શનની મુલાકાત મોટી સંખ્યામાં શહેરની શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ લેશે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં 'કાર્ટૂન ડે' ઉજવાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ૩જી જાન્યુઆરીએ પ્રિ-પ્રાયમરી વિભાગના નાના ભૂલકાઓ દ્વારા કાર્ટૂન ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં નાના ભૂલકાંઓના વાલીઓએ કાર્ટૂનમાસ્ક બનાવીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. શાળાના પ્રિ-પ્રાયમરીના શિક્ષકગણ દ્વારા પણ કાર્ટૂનના માસ્ક બનાવવામાં આવ્યા હતા. શિક્ષકો તથા બાળકોએ ભેગા મળીને એક કાર્ટૂનને લગતું નાટક પણ પ્રદર્શિત કર્યુ હતું. આ નાટક દ્વારા બાળકોને મેસેજ આપવામાં આવ્યો હતો કે, 'વારંવાર કાર્ટૂન જોવાથી આંખોની દૃષ્ટિ નબળી પડી જાય છે તેમજ તે શારીરિક અને માનસિક વિકાસમાં બાધારૂપ નીવડે છે.' આ રીતે નાના ભૂલકાઓએ ખૂબ આનંદપૂર્વક કાર્ટૂન ડેની ઉજવણી કરી હતી.




## પાટનગરમાં સત્વરે રેનબસેરા બાંધવા રજૂઆત

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં રેનબસેરા બાંધવાના છેલ્લા દસ વર્ષથી પડતર પ્રશ્ન અંગે ડેમોક્રેટીક પીપલ્સ એસોસીએશન ગુજરાત ગાંધીનગરના પ્રમુખ ભાનુકાન્ત પરમારની આગેવાનીમાં એક પ્રતિનિધિ મંડળે મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરી હતી. સર્વોચ્ચ અદાલત તથા હાઈકોર્ટના આદેશો હોવા છતાં ગુજરાતના પાટનગરમાં રેનબસેરા બાંધવા માટે જમીન ફાળવાતી નથી. કમિશનરે આ બાબતે હૈયાધારણા આપતા કહ્યું હતું કે 'જો સરકાર જમીન ફાળવી આપે તો મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાના ફંડમાંથી તાત્કાલિક બાંધકામ શરુ કરશે.' આ પ્રતિનિધિ મંડળમાં એસોસીએશનના મહામંત્રી, ઉપપ્રમુખ તથા પ્રવકતા જોડાયા હતા. છેવટે તેમણે નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરવાનું નક્કી કર્યું હતું.

## પેથાપુરના યુવકે ૧૮૭૦૦ ફૂટ ઊંચો પર્વત સર કર્યો



ગાંધીનગર, તા.૪

હિમાલીયન માઉન્ટેનિયરીંગ ઈન્સ્ટીટયૂટ, દાર્જિલીંગ, પ.બંગાળ દ્વારા તા. ૧૯-૧૦-૨૦૧૭થી ૧૫-૧૧-૨૦૧૭ સુધી યોજાયેલ એડવાન્સ માઉટેનિયરીંગ કોર્ષમાં પેથાપુર-ગુજરાતના રહીશ અક્ષય નારાયણભાઈ પટેલે ભાગ લીધો હતો. આ કોર્ષમાં અક્ષયે ફ્રન્ટ પોઈન્ટ કલાઈમ્બીંગ, સીંગલ જુમગ કલાઈમ્બીંગ, ફીકસ રોપ આર્ટીફીશીયલ એઈલ કલાઈમ્બીંગ, અલ્પાઈન કલાઈમ્બીંગ, લોન્ગ સીલીંગ રેપલીંગ, લેડર લાન્ચીંગ ટેકનીક, ક્રેવાસ રેસકયુ તેમજ એકસપીડીશનની તૈયારીની તાલીમ મેળવી હતી. તેણે સ્નો એન્ડ આઈસ ક્રાફટ અને જુદી જુદી રોક કલાઈમ્બીંગની પધ્ધતિઓનો ઉપયોગ કરીને કાંચનજંઘા નેશનલ પાર્ક-સિક્કમથી યુકસોમ-ઝોંગ્રી-ચૌરીખાંગ-રથોન્ગ ગ્લેશીયરનો ટ્રેક સફળતાપૂર્વક પૂરો કરીને ફાલુન્ગ પર્વતની ૧૮૭૦૦ ફૂટની ઉંચાઈ સર કરી હતી.

અક્ષય પટેલે આ અગાઉ ગુજરાત સરકારના સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયૂટ ઓફ માઉન્ટેનિયરીંગ, માઉન્ટ આબુ ખાતેથી એડવેન્ચર, બેઝીક રોક કલાઈમ્બીંગ, એડવાન્સ રોક કલાઈમ્બીંગ, આર્ટીફીશીયલ રોક કલાઈમ્બીંગ અને કોચીંગ કોર્ષ અને મનાલી-હિમાચલપ્રદેશ ખાતે હિમાલય ટ્રેકીંગ તેમજ જવાહર ઈન્સ્ટીટયૂટ ઓફ માઉન્ટેનિયરીંગ એન્ડ વિન્ટર સ્પોર્ટ-પહેલગામ-જમ્મુ કાશ્મીર દ્વારા સોનમર્ગ, થાજીવાસથી બેઝીક માઉન્ટેનિયરીંગ કોર્ષની તાલીમ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. અક્ષય પટેલ સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ માઉન્ટેનિયરીંગ, માઉન્ટ આબુ ખાતે માનદ ઈન્સ્ટ્રકટર તરીકે સેવાઓ પણ આપે છે. અક્ષયની આ પ્રવૃત્તિથી અનેક યુવાનોને માઉન્ટેનિયરીંગ-ટ્રેકીંગની પ્રેરણા મળશે.

## ચિરવિદાય

- સ્વ. પ્રતાપસિંહ લાલસિંહ ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. વાઘેલા કુબેરજી મગનજી, ઉ.વ. ૭૦